

ગરમીનું મોજુ યથાવત - મહત્તમ તાપમાન દોઢ ડિગ્રી ઓછુ નોંધાયા છતાં ગરમીની અસર શહેરમાં યથાવત રહેવા પામી હતી... છેલ્લા ત્રણ દિવસથી ગરમીના આક્રમક આરંભના પગલે જનજીવન પર ઘેરી વર્તાય છે... બપોરના ૩ કલાક માર્ગો સુમસામ લાગે છે... દ્વિચક્રી વાહન ચાલકો અને રાહદારીઓ ગરમીમાં બહાર નિકળવાનું ટાળે છે... શહેરનું મહત્તમ તાપમાન સોમવારે ૪૩ ડિગ્રી નોંધાયું હતું...

# આજે વિધાનસભાનું દિવસીય સત્ર

## સરકાર ત્રણ સરકારી વિધેયકો રજુ કરવા સાથે મહત્વના અહેવાલો પણ રજુ થશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભાનું આજે એક દિવસીય સત્ર મળવાનુ છે તે અંગેની સંપૂર્ણ તૈયારીઓને આજે આખરી ઓપ આપી દેવામાં આવ્યો હતો.

વિધાનસભાના આજના એક દિવસીય સત્રમાં સરકાર દ્વારા ત્રણ મહત્વના સરકારી વિધેયકો રજુ કરવા ઉપરાંત કેટલાક મહત્વના અહેવાલો પણ ગૃહના ટેબલ પર મુકવામાં આવનાર છે.

આ એક દિવસીય સત્ર દરમ્યાન ૩૮મી અતારાંકિત પ્રશ્નોત્તરી પણ ગૃહના ટેબલ પર મુકવા ઉપરાંત ૮૭ ક અંતર્ગત મળેલા પ્રશ્નોના પ્રત્યુત્તર પણ મુકવામાં આવનાર છે.

આજે વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરાના અધ્યક્ષપદે કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળી હતી.

એક દિવસીય સત્રમાં પૂર્વસભ્ય જયંતિભાઈ પટેલનો શોકદર્શક ઉલ્લેખ પણ થશે.

## ૩૦૦ પાનાના ત્રણ વિધયેકો ગૃહમાં રજુ કરાશે : અનોખી ઘટના સર્જાશે

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભામાં આજે જી.એસ.ટી. અંગેનું વિધેયક ઉપરાંત મૂલ્યવર્ધિત વેરાનું સુધારા વિધેયક તેમજ મનોરંજન કરમાં પણ સુધારા સૂચવતા બે વિધેયક સરકાર દ્વારા રજુ કરવામાં આવશે.

વિધાનસભામાં જીએસટી બિલ પરની ચર્ચાને ધ્યાને રાખી આજે ધારાસભ્યો તેમજ પદાધિકારીઓને સમજ આપતો એક વિશેષ સેમિનાર પણ યોજવામાં આવ્યો હતો.

વિધાનસભામાં રજુ થનાર જી.એસ.ટી.નું બિલ ૨૨૦ પાના કરતાં વધુ પાના ધરાવતુ દળદાર વિધેયક છે. આ ઉપરાંત મૂલ્ય વર્ધિત વેરામાં સુધારા સૂચવતુ વિધેયક પણ ૨૦ પાનાથી વધુ પાના ધરાવે છે તો મનોરંજન કર સુધારા વિધેયક પણ ૧૦ પાનાનુ છે.

આટલા દળદાર વિધેયકો હોવાથી સભ્યોને તેની પૂરી જાણકારી મળી રહે તે જરૂરી હોવાથી સેમિનાર યોજવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

વિધાનસભાની તવારીખીમાં આટલી મોટી સંખ્યામાં પાનાઓ ધરાવતુ જીએસટીનું વિક્રમી વિધેયક હશે.

કેન્દ્ર સરકાર દ્વારા લોકસભા અને રાજ્યસભામાં પસાર કરાયા બાદ રાજ્ય વિધાનસભામાં પણ પસાર થવુ જરૂરી હોવાથી તે રજુ થવાનું છે. ગુજરાત બીજુ રાજ્ય બનશે જી.એસ.ટી. બિલને મંજૂરી આપનારૂ. આ અંગે સરકારના નાણાં વિભાગે પણ પૂરતી તૈયારીઓ કરી લીધી છે.

પાટનગરના રાજકીય વર્તુળોમાં આ એક દિવસીય સત્રને લઈ એવી ચર્ચાઓ જાગી હતી કે આ ૧૩મી વિધાનસભાનું અંતિમ સત્ર હશે. જો કે બીજી તરફ રાષ્ટ્રપતિની ચૂંટણી અને રાજ્યસભાની ચૂંટણીને લઈ પણ ટુંકા સત્રો બોલાવવામાં આવે તેવી ચર્ચાઓ પણ આ વર્તુળોમાં થતી સાંભળવા મળી હતી.

## રિનોવેશનના પગલે સલામતિના તંત્ર દ્વારા વિશેષ પગલાં લેવાયા

ગાંધીનગર, તા. ૮

ગુજરાત વિધાનસભાનું સંકુલ રિનોવેશન હેઠળ હોવાથી અહિ સલામતી માટે ખાસ પગલાંઓ તંત્ર દ્વારા લેવામાં આવ્યા છે.

ચાલી રહેલી તોડફોડ અને અન્ય કામગીરીને કારણે પડેલા કચરાની સફાઈ કરી નાખવામાં આવી છે તેમજ વિધાનસભાના ભોંયતળિયે આવેલા બે પ્રવેશદ્વારોને જોડતા માર્ગને પણ બે દિવસ દરમ્યાન ૧૦ હજાર જેટલા લીટર પાણીથી ધોઈ અને ચોખ્ખા કરી દેવાયા છે.

વિધાનસભામાં ચોથા મજલાને ખોલી નાખવામાં આવ્યો હોવાથી તેના પર જવા માટે બંધ કરવામાં આવેલ છે. આ ઉપરાંત બીજા માળે તેમજ ત્રીજા માળે પણ જે ભાગો તોડવામાં આવ્યા છે ત્યાં ખાસ લાંબા પાટિયા મારી સલામતિના પગલાં લેવામાં આવ્યા છે.

ગૃહના સંકુલમાં પણ ખાસ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યુ હતુ. બીજા માળેથી વિધાનસભાના અધ્યક્ષ રમણલાલ વોરા, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોર અને વિપક્ષી નેતા શંકરસિંહ વાઘેલાના કાર્યાલય સ્વર્ણિમ સંકુલ-૨ માં ખસેડવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

## ચ-૦ થી કોબા માર્ગ પર સફાઈ કરાશે : લોખંડની ગ્રીલના ગાબડા પણ દુર કરાશે

ગાંધીનગર તા ૮

પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી તંત્ર દ્વારા પુર્વ તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જેને અનુલક્ષી રૂટની સફાઈ તેમજ સલામતીના પરિબળોને ધ્યાને લઈ તંત્ર દ્વારા ટુંકમાં કામ શરૂ કરી દેવાશે. જેમાં ખાસ કરીને ચ-૦ થી કોબા રૂટમાં તુટેલી ગ્રીલને યોગ્ય કરવા ઉપરાંત સફાઈ અભિયાન પણ હાથ ધરાશે. આ વિસ્તારમાં નીલગાયનો ત્રાસ વધુ રહેતો હોવાથી માર્ગ સલામતીની દ્રષ્ટીએ તંત્ર દ્વારા માર્ગ આસપાસ તેમજ સેન્ટ્રલ વર્જમાં ગ્રીલ ફીટ કરવામાં આવી હતી.

### પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી સ્વચ્છતા ઝુંબેશ સહીત સલામતીના પરિબળો યોગ્ય કરાશે

આગામી દિવસોમાં પ્રધાનમંત્રીની સંભવિત મુલાકાતને ધ્યાને લઈ તંત્ર દ્વારા વિવિધ કક્ષાએ જરૂરી તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. જેમાં પી એમ ના રૂટમાં સ્વચ્છતા અનો સલામતીના પરિબળોને ધ્યાને લઈ કામગીરીનુ આયોજન કરી દેવાયુ છે. પાટનગર યોજના ભવન દ્વારા પ્રધાનમંત્રીના આગમનને અનુલક્ષી ચ-૦ થી કોબા રૂટમાં સફાઈ તેમજ આસપાસની લોખંડની ગ્રીલને યોગ્ય કરવા માટે ટેન્ડર પ્રક્રીયાના આધારે કામગીરીનુ આયોજન કરવામાં આવ્યુ છે. સુત્રોના જણાંવ્યા મુજબ કોબા થી ચ-૦ ના રૂટમાં પ્લાસ્ટીક સહીત અન્ય કચરાનો નિકાલ કરવા માટે સફાઈ ઝુંબેશ હાથ ધરાશે આ માટે ટીમ કામે લાગશે . જયારે માર્ગ વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં તુટેલી ગ્રીલને યોગ્ય કરવા માટે પણ કામ હાથ ધરાશે. વધુમાં માર્ગ આસપાસ સલામતીના ભાગરૂપે લગાવાયેલી ગ્રીલ પણ કેટલાક ઠેકાણેથી તુટી ગઈ હોવાના લીધે આ ગ્રીલનુ સમારકામ કરવામાં આવશે. આ રૂટમાં નીલગાય સહીત અન્ય રખડતા ઢોરનો ત્રાસ વધુ હોવાનુ ધ્યાને આવતા તંત્ર દ્વારા કરોડો રૂપિયના ખર્ચે લોખંડની ગ્રીલ ફીટ કરવામાં આવી હતી. જો કે ચાર વર્ષ અગાઉ હાથ ધરાયેલી આ કામગીરીના અંતે હાલ આ ગ્રીલ કેટલાક ઠેકાણેથી તુટેલી હાલતમાં છે. જેના લીધે માર્ગ વચાળે ગમે ત્યારે રખડતા ઢોર આવી ચઢે તેવી સ્થિતિ છે. આવા સંજોગોમાં પ્રધાનમંત્રીના આગમનને ધ્યાને લઈ તંત્ર દ્વારા આ રૂટની ગ્રીલ યોગ્ય કરવા તેમજ ગંદકી દુર કરવા માટે પણ કામગીરી હાથ ધરાશે . તંત્રના જણાંવ્યા મુજબ ટુંકમાં જ કામગીરી હાથ ધરવામાં આવશે.

## જુની સીરીઝના નંબરોની હરાજી પ્રક્રીયામાં આરટીઓ કચેરીને એક લાખની આવક

### બાકી રહી ગયેલા નંબરોની હરાજી કરાઇ : ફોર વ્હીલરમાં ૫૦૦ નંબર ૧૧૧૧૧ ચુકવાયા

ગાંધીનગર તા ૮

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા જુની સિરીઝમાં બાકી રહી ગયેલા ગોલ્ડન અને સિલ્વર કેટેગરીના નંબરોની હરાજીની પ્રક્રીયા યોજવામાં આવી હતી. આ હરાજીના અંતે આર ટી ઓ કચેરીને વધુ એક લાખ રૂપિયાની આવક થઈ છે.

માર્ગ વાહન વ્યવ્હાર વિભાગ દ્વારા વાહનોના નંબરો માટે ગોલ્ડન તેમજ સિલ્વર તેમ બે કેટેગરી નિયત કરવામાં આવી છે. જયારે દરવખતે નવી સિરીઝ મુજબ પસંદગીના નંબરોને અનુલક્ષી હરાજીની પ્રક્રીયા

● અનુસંધાન પાન-૭ પર

## જિલ્લા પંચાયતના પ્રમુખ માટે નવી ગાડી ખરીદવા માટે પ્રસ્તાવ આવશે

### નાયબ જિલ્લા વિકાસ અધિકારીની ગાડી ખરીદવાનો નિર્ણય સ્થગિત કરાય તેવી શક્યતા

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખની કારને નડેલ અકસ્માતમાં કારને થયેલ ભારે નુકશાનને પગલે પ્રમુખ માટે નવી કાર ખરીદવાના ચક્રો ગતિમાન થયા છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ૧૧મીએ મળનારી સામાન્ય સભામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારી માટે નવુ વાહન ખરીદવા અંગેનો પ્રસ્તાવ છે પણ તે હાલ સ્થગિત કરી અને પંચાયતના પ્રમુખ માટે નવી કાર ખરીદવાનો નિર્ણય પ્રમુખ સ્થાનેથી રજુ કરવામાં આવે તેવી શક્યતાઓ છે.

ગયા મહિને પ્રમુખની ગાડી નારદીપુર-ધમાસણા માર્ગ પર નીલ ગાય સાથે ટકરાઈ હતી જેમાં કારને ભારે નુકશાન થયુ હતુ. સદ્‌નસીબે કારમાં બેસેલા પ્રમુખ રામાજી ઠાકોર અને અન્યનો આબાદ બચાવ થયો હતો.

આ કારને ભારે નુકશાન થતાં ગાડી કન્ડમ કરવી પડે તેવી નોબત આવી છે. પંચાયત પ્રમુખ માટે હાલ ભાડાની ગાડી કરવામાં આવી છે

● અનુસંધાન પાન-૭ પર

## સર્વિસ ટેક્સ ચોરી કેસમાં સંજય ગુપ્તા સામે સમન્સ

### હોટલ-રિસોર્ટ્સમાં સર્વિસટેક્સ ચોરીનો મામલો : ૩૦મી મેના રોજ તમામને હાજર રહેવા એડિશનલ ચીફ કોર્ટનો હુકમ : સંજય ગુપ્તા ઉપરાંત અન્ય ૫ સામે સમન્સ

અમદાવાદ, તા.૮

ગાંધીનગર, અમદાવાદ સહિત ગુજરાતભરમાં તેમ જ અન્ય રાજયોમાં હોટલ-રિસોર્ટ મારફતે ગ્રાહકો પાસેથી કરોડો રૂપિયાનો સર્વિસ ટેક્સ ઉઘરાવ્યા છતાં સરકારની તિજોરીમાં તે જમા નહી કરાવી આશરે રૂ.૨૭ કરોડના સર્વિસ ટેક્સની ચોરી કરવાના પ્રકરણમાં નિશા લીઝર્સ લિમિટેડના ડાયરેકટર એવા પૂર્વ સનદી અધિકારી સંજય ગુપ્તા સહિત છ જણાં વિરૂધ્ધ અત્રેની એડિશનલ ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ દ્વારા સમન્સ જારી કરવામાં આવ્યું છે. કોર્ટે તમામ આરોપીઓને તા.૩૦મી મેના રોજ અદાલત સમક્ષ હાજર રહેવા પણ તાકીદ કરાઈ છે. મેટ્રો રેલ કૌભાંડ બાદ હવે કરોડો રૂપિયાની સર્વિસટેક્સની ચોરીના કેસમાં પણ સંજય ગુપ્તા

● અનુસંધાન પાન-૭ પર

## સેકટરોમાં સરકારી આવાસોનું ૨.૫૭ કરોડના ખર્ચે મજબુતીરણ કરાશે

ગાંધીનગર તા ૮

શહેરમાં સરકારી આવાસોની દશા બદતર બનતી જાય છે. ત્યારે દાયકાઓ જુના સરકારી આવાસો પૈકી મોટાભાગના જોખમી હાલતમાં હોવાનો સુર ઉઠવા પામ્યો છે. સેકટરોમાં ભયજનક માલુમ પડતા આવાસો તબક્કાવાર તોડી પાડવામાં આવે છે. નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ હાલ આ ઠેકાણે નવા આવાસો બાંધવાનુ કામ ચાલી રહયુ છે. જયારે આવાસોના મજબુતીકરણની કામગીરી પણ તેજ બને તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. જો કે સેકટરોમાં વિવિધ કક્ષાના આવાસોના રીનોવેશન માટે વિભાગ દ્વારા રૂ ૨.૫૭ કરોડના ખર્ચને વહીવટી મંજુરી આપવામાં આવી છે. ટેન્ડર પ્રક્રીયાના અંતે ટુંકમાં કામ હાથ ધરાશે.

શહેરમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસોની દશા સુધારવા માટે સરાકાર દ્વારા છેલ્લા એક દાયકાથી આવાસ મજબુતીકરણની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. જેમાં તબક્કાવાર જુદી જુદી કક્ષાના આવાસોનુ મજબુતીકરણ કરવાના કામોને મંજુરી આપવામાં આવે છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી મકાનોના રીનોવેશનની કામગીરી પર બ્રેક વાગી ગઈ હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. સેકટરોમાં હજુ મોટાભાગના આવાસો ખંડેર

### સે-૮ અને ૨૪ સહીત વિવિધ સેકટરોમાં જુદી જુદી કક્ષાના બ્લોકનુ રીનોવેશન કરવામાં આવશે

હાલતમાં ભાસી રહયા છે. જયારે વિવિધ કેટેગરીના મકાનોમાં બારી બારણા પણ નજરે પડતા નથી. જયારે કેટલાક કિસ્સામાં રખડતા ઢોર પણ આવાસોમાં ઘુસી જાય છે. કેટલાક આવાસોમાં શ્રમિકોનો અડ્ડો જોવા મળી રહયો છે. આવા સંજોગોમાં આવાસોની દશા સુધારવા માટે ત્વરિત મજબુતીકરણનુ કામ હાથ ધરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે. જયારે જોખમી મકાનો હજુ પણ અસ્તિત્વ ધરાવતા હોવાથી આ પ્રકારના આવાસો તોડી નાંખવા માટે પણ યોગ્ય સર્વે હાથ ધરવાની અનિવાર્યતા ઉભી થઈ છે.

સુત્રોના જણાંવ્યા મુજબ શહેરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના આવાસોની સુધારણા માટે રૂ ૨.૫૭ કરોડનો ખર્ચને મંજુરી આપવામાં આવી છે. જેમાં સે-૮ સ્થિત ચ-૧ કક્ષાના ૭ બ્લોક તેમજ ગ- ૧ કક્ષાના ચાર બ્લોકનુ મજબુતીકરણ કરવામાં આવશે. આ ઉપરાંત સે-૨૪ માં છ કક્ષાના આવાસોનુ પણ કામ હાથ ધરાશે વધુમાં અન્ય સેકટરોમાં પણ આવાસોની દશા સુધારવા કામોનુ આયોજન કરવામાં આવશે. ટુંકમાં ટેન્ડર પ્રક્રીયા હાથ ધરી કામગીરી હાથ ધરાશે.

ટચુકડી જાહેર ખબર
માત્ર રવિવારે ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

બદલી કામદાર જોઈએ છે
ગાંધીનગર દૂધ સંઘ (મધુર ડેરી), ગાંધીનગરને બદલી કામદારની તાત્કાલિક જરૂરિયાત છે. ઠેકેદાર આવકાર્ય છે.
સ્થળ : મધુર ડેરી, 'ક' રોડ, ઈલેક્ટ્રોનિક એસ્ટેટ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર
મેનેજીંગ ડિરેક્ટરશ્રી

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત
યુ.જી.સી.ના ૧૯૫૬ના એક્ટની સેક્શન - ૩ મુજબ સ્થાપિત ડીમ્ડ ટુ બી યુનિવર્સિટી
ગૂજરાત વિદ્યાપીઠ (NAAC-'A')
આશ્રમ માર્ગ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪. ફોન : ૪૦૦૧૬૨૧૪/૨૩૪
પ્રવેશ જાહેરાત ૨૦૧૭-૨૦૧૮
નીચેની વિદ્યાશાખા અંતર્ગત વિવિધ વિષયોમાં અનુસ્નાતક (માસ્ટર ડિગ્રી) માટે પ્રવેશ ઉપલબ્ધ છે.
(૧) વ્યવસ્થાપન અને પ્રૌદ્યોગિકી વિજ્ઞાન : MCA, PGDCA, PGDCHN, એમ.બી.એ. (MBA રાંધેજા સંકુલ) (૨) ભાષાઓ અને સાહિત્ય : MA ગુજરાતી, હિન્દી, અંગ્રેજી (English સાદરા), પ્રયોજનમૂલક હિન્દી ડિપ્લોમા, અનુવાદ હિન્દી ડિપ્લોમા, (૩) સામાજિક વિજ્ઞાન : MA અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, ઈતિહાસ, જૈનદર્શન (૪) ગાંધીદર્શન અભ્યાસક્રમ : ગાંધી અધ્યયન (૫) વ્યાવસાયિક અભ્યાસક્રમ : MA માનવ સંસાધન વિકાસ (HRD), પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન, સમાજકાર્ય (MSW સ્નાતકમાં ૫૫% જરૂરી), ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન (B.Lib., M.Lib.), દૃશ્યશ્રાવ્ય કાર્યક્રમ નિર્માણ અનુસ્નાતક ડિપ્લોમા (૬) શારીરિક શિક્ષણ અને રમતવિજ્ઞાન : M.P.E.S., B.P.Ed (સાદરા), MA યોગવિદ્યા, યોગવિદ્યામાં અનુસ્નાતક ડિપ્લોમા, યોગવિદ્યા પ્રમાણપત્ર (અમદાવાદ) (૭) વિજ્ઞાન અને પ્રાયોજિત વિજ્ઞાન : M.Sc. માઈક્રોબાયોલોજી (સાદરા) (B.Sc. Microbiology માં ૫૫% જરૂરી)
લઘુત્તમ લાયકાત :
(૧) M.Sc. Microbiology, MSW, યોગ વિદ્યા અને MCA માં પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ આપવામાં આવશે. M.Sc. તેમજ MSW માટે સ્નાતક કક્ષામાં ૫૫% જરૂરી
(૨) M.A. / PG Diploma (દરેક વિષય) માટે સ્નાતક કક્ષામાં ૪૦% જરૂરી
પ્રવેશ વહેલા તે પહેલાના ધોરણે
અરજી કરવાની છેલ્લી તારીખ : ૨૦/૦૬/૨૦૧૭
નોંધ : ભારત સરકારના આરક્ષણ નિયમ પ્રમાણે અનુસૂચિત જાતિ (SC) ૧૫ ટકા, અનુસૂચિત જનજાતિ (ST) ૭.૫ ટકા, અન્ય પછાતવર્ગ (OBC)ના ઉમેદવારો માટે ૨૭ ટકા (જેમની પાસે નોનક્રિમીલેયરનું પ્રમાણપત્ર હોય તેવા ઉમેદવારો માટે અન્યથા તેઓની ગણતરી સામાન્ય વર્ગના ઉમેદવારોમાં કરવામાં આવશે.) તેમજ શારીરિક રીતે વિકલાંગ (PH) ને ૩ ટકા અને જમ્મુ કાશ્મીરના રહેવાસી ઉમેદવારો માટે વધુ ૨ (બે) બેઠકો આરક્ષિત રહેશે.
ખાસ નોંધ : ઉપરોક્ત તમામ વિષયોની સંપૂર્ણ માહિતી અને અરજીપત્ર ગૂજરાત વિદ્યાપીઠની વેબસાઈટ : www.gujaratvidyapith.org ઉપર ઉપલબ્ધ છે.
ઉપરોક્ત દરેક અભ્યાસક્રમમાં છેલ્લાં વર્ષ/સત્રની પરીક્ષા આપેલ વિદ્યાર્થી પણ અરજી કરી શકે છે.
તા. ૮/૫/૨૦૧૭ ડો. રાજેન્દ્ર ખીમાણી, કુલસચિવ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT · KisaN · ashirvad · BENELAVE · DR. FIXIT · TATA STEEL • PIPES • SHEETS · VINAYAK 500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com